# આ દિવાળીએ ટ્રાય કરો
# ઈન્ડોવેસ્ટર્ન આઉટફિટ્સ



વર્ષનો સૌથી રાહ જોવડાવતો, રોમાંચક અને મસ્તીભર્યો સમય આવી ગયો છે. રીતિરિવાજો, પાર્ટી, ઘરને સજાવવાનો અને સજીધજી ફરવાનો સમય એટલે દિવાળીનો તહેવાર. રોશનીનો આ તહેવાર સૌથી પ્રિય તહેવારોમાંથી એક છે. ઝગમગતા દીવા, મીઠાઇની ખુશ્બૂ અને હળવામળવાનો સમય. દિવાળી એ એવો સમય છે જયારે ફેશન કેન્દ્રસ્થાને છે. દિવાળી દરમ્યાન દરેક વ્યક્તિ ખૂબસૂરત દેખાવા ઇચ્છે છે. એથનિક સાડી, સલવાર સૂટ અને લહેંગા દિવાળીના સૌથી વધુ લોકપ્રિય પારંપારિક પોશાક છે પરંતુ યુવતીઓ હવે આઉટ ઓફ ધ બોક્સ વિચારે છે અને કફતાન અને ડ્રેપ્ડ સ્કર્ટસ પહેરવાનું પણ પસંદ કરે છે. અલબત્ત, તહેવારોમાં ટ્રેડિશનલ ડ્રેસિસની વધુ બોલબાલા હોય છે.





## શરારા

શરારા સેટ આરામદાયક, ટ્રેન્ડી હોય છે અને પરંપરા તથા સ્ટાઈલનો ખૂબસૂરત મેળ દર્શાવે છે. કલાસિક અને સ્ટાઈલિશ આઉટફિટ માટે મિરર વર્કવાળા શરારા પસંદ કરો. એ દિવાળી પાર્ટીઝ અને ફેમિલી ગેધરિંગ માટે એકદમ યોગ્ય છે. એને સ્ટેટમેન્ટ ઈયરિંગ્સ સાથે પેર કરી શકાય.

## લહેંગા

દિવાળી આઉટફિટ્સમાં લહેંગા લોકપ્રિય છે કારણ કે એ બહુમુખી, સ્ટાઈલિશ અને કોઇ પણ સમારંભમાં શાહી લુક આપે છે. તમે બ્રાઇટ રેડ કે મસ્ટર્ડ યલો લહેંગા પસંદ કરી શકો. એની સાથે ગોલ્ડ જ્વેલરી અને કમ્ફર્ટેબલ હીલ પહેરવાથી ફેસ્ટિવલ લુક મળશે જે ગ્લેમરસ હોવાની સાથે લાંબો સમય સુધી કમ્ફર્ટેબલ પણ રહેશે.

તમે ફયુઝન લુક મેળવવા લહેંગા સાથે ક્રોપ ટોપ, શર્ટ કે કેપ જેકેટ પણ પહેરી શકો. એ દિવસની પાર્ટી અને સાંજના ગોધરિંગ બંને માટે પર્ફેકટ છે. આજકાલ ફુશિયા, મસ્ટર્ડ અને ટીલ કલર્સ ટ્રેન્ડમાં છે.

એની સાથે લેયર્ડ નેકલેસ કે ચોકર પહેરી શકાય. ટ્રેડિશનલની સાથે મોડર્ન વાઈબ માટે ફ્રેશ ફલાવર્સ સાથે બન હેરસ્ટાઈલ કરી શકાય. મેટાલિક હીલ્સ કે વેજીસ ગ્લેમર ઉમેરશે.

## અનારકલી

અનારકલી રોયલ અને એલિગન્ટ લુક આપે છે એનું લહેરાતું ફેબ્રિક અને શાનદાર ડિઝાઈન એને શાહી લુક આપે છે જે ફેમિલી ગેટ ટુ ગેધર અને દિવાળી પૂજા માટે એકદમ પર્ફેકટ છે. હેવી દુપટ્ટા અને હાઈ હીલ્સ સાથે લુક કમ્પલિટ કરો. એમ્બેલિશ્ડ બોર્ડર્સ અને

એમરાલ્ડ ગ્રીન, રૂબી રેડ અને સફાયર બ્લૂ જેવા જવેલ ટોન્ડ ફેબ્રિકસ ટ્રેન્ડમાં છે. રોયલ ટચ માટે ચાંદબાલી કે ઝુમખા પહેરી શકાય. કમ્ફર્ટ અને આકર્ષણ માટે ભરતકામવાળી મોજડી કે જૂતી પહેરી શકાય.

## સલવાર-કમીઝ

સલવાર કમીઝ આરામ અને સ્ટાઈલનું એક મિશ્રણ છે જે એને તહેવારની મોસમમાં શ્રેષ્ઠ વિકલ્પ બનાવે છે. શાનદાર લુક માટે બારીક ડિઝાઈન કે ફલોરલ પ્રિન્ટના સલવાર-કમીઝ પસંદ કરો. એ તમને ટ્રેડિશનલ લુક આપશે. સ્ટેટમેન્ટ ઈયરિંગ્સ, ફૂટવેર અને અન્ય એકસેસરીઝ સાથે સ્ટાઈલ કરી લુકને કમ્પલિટ કરો.

બેકલેસ કુરતી કોઈ પણ લુકમાં અનોખી સ્ટાઈલ એડ કરે છે અને દિવાળી પાર્ટી માટે પર્ફેકટ છે. ઈન્ડો-વેસ્ટર્ન લુક માટે ફલેયર્ડ પેન્ટ કે પલાઝો સાથે એ પેર કરો. તમારા ફેસ્ટિવલ આઉટફિટને નિખારવા માટે એની સાથે સ્ટેટમેન્ટ ઈયરિંગ્સ અને થોડી બંગડીઓ પહેરો.







## ટિપ્સ

- તમારી સ્ટાઈલ સંતુલિત રાખો. જો આઉટફિટ હેવી હોય તો જવેલરી લાઈટ રાખો અને એનાથી વિપરીત.
- કમ્ફર્ટ મહત્ત્વની છે. જો લાંબો સમય ઉત્સવ માણવા ઈચ્છતાં હો તો કોટન સિલ્ક કે જયોર્જેટ જેવાં ફેબ્રિકસ પસંદ કરો.
- મિરર વર્ક કલચથી માંડી રંગબેરંગી દુપટ્ટા સુધી નાની નાની ડીટેલ્સ તમારા આઉટફિટ્સને નિખારશે.

## સાડી:

સાડી એક સદાબહાર વિકલ્પ છે જે સુંદરતા અને શાલીનતાનું પ્રતીક છે. આ તહેવારની મોસમમાં બનારસી, સિલ્ક અને લાઈટવેટ જયોર્જેટ સાડી પસંદ કરો. એને સ્ટાઈલિશ બ્લાઉઝ અને સ્ટેટમેન્ટ જવેલરી સાથે પહેરી દિવાળી સેલિબ્રેશનનો એક કલાસિક અને ફેસ્ટિવ લુક મેળવો. બેલ્ટ સાથેની પ્રીસ્ટીચ્ડ સાડીથી માંડી મેટાલિક કલરની ઓર્ગેન્ઝા સુધીની મોડર્ન સાડી પરંપરા અને સ્ટાઈલનો સંગમ છે.

હાફ સાડી એક અનોખી સ્ટાઈલ છે જેમાં સાડી અને લહેંગાનું મિશ્રણ હોય છે. એથનિક સ્ટાઈલ સાથે એકસપરિમેન્ટ કરવા ઈચ્છનાર માટે એ સારો વિકલ્પ છે.

હોલ્ટર નેક અથવા બેકલેસ બ્લાઉઝ સાથે સાડી પેર કરી શકાય. સ્લીક ગોલ્ડ ઈયરિંગ્સ અને સ્ટેટમેન્ટ રીંગથી એને એકસેસરાઈઝ કરો. લુકને પૂરો કરવા સાથે આકર્ષક પોટલી બેગ કે કલચ કેરી કરો.

## ઇન્ડો-વેસ્ટર્ન આઉટફિટ્સ

ઈન્ડો વેસ્ટર્ન આઉટફિટ્સ એક લોકપ્રિય ટ્રેન્ડ તો છે જ પરંતુ પારંપારિક અને સ્ટાઈલનું મિશ્રણ કરવાની એક સારી રીત પણ છે. આ દિવાળીમાં કો ઓર્ડ સેટ્સ ફેસ્ટિવ આઉટફિટસમાં મોખરે છે. ટ્રાઉઝર્સ સાથે એમ્બેલિશ્ડ જેકેટ, ધોતી પેન્ટ સાથે એમ્બ્રોઈડરીવાળા ટયુનિકસ અને કુરતા- પલાઝો કો-ઓર્ડ પસંદ કરી શકાય. એ કમ્ફર્ટેબલની સાથે સાથે આકર્ષક પણ છે અને તહેવાર દરમ્યાન કેઝયુઅલ ગેટ ટુ ગેધર કે ફેમિલી ડિનર માટે પર્ફેકટ છે. ક્રોપ અને પલાઝો સેટ પણ કમ્ફર્ટેબલ અને સ્ટાઈલિશ વિકલ્પ છે.

ટ્રેન્ડી લુક માટે મોડર્ન ઈયર કફ કે હુપ્સ એની સાથે પહેરી શકાય. એમ્બ્રોઈડરીવાળો બેલ્ટ તમારા લુકને નિખારશે. એક આકર્ષક ફિનિશ માટે સ્લીક હીલ્સ કે વેજીસ સાથે એ પેર કરી શકાય.